# અંકલેશ્વરના આમલાખાડી બ્રિજમાં તિરાડ પડી

**ખરોડથી** ભાદી વચ્ચેનો 40થી 45 વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી થવાનો ભય


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના ખરોડથી ભાદી રોડ પર તેમજ સુરત અને નર્મદા જિલ્લાને જોડતાં સ્ટેટ હાઈવે પંચાયત માર્ગ પર આવેલા ખરોડથી ભાદી રોડ પર અવરજવર કરતાં વાહનચાલકોથી ધમધમતાં રહેતા આમલાખાડી પર 40થી 45 વર્ષ જૂના બ્રિજ પર તિરાડ પડતાં બ્રિજ ધરાશાયી થવાનો ભય ઊભો થયો છે.

40થી 45 વર્ષ પૂર્વે મેટલિંગ રોડ પર જે-તે સમયે બનેલા બ્રિજના ફાઉન્ડેશન સતત વહેતા પ્રદૂષિત પાણીમાં રહેતા હોવાથી જર્જરિત હાલતમાં જણાઈ રહ્યું છે. જે વર્ષો જૂના બે ગામને સાંકળી રાખવા મેટલિગ રસ્તા પર બનેલા બ્રિજમાં તિરાડ પડી છે. જો કે, સમય જતાં આ રોડ વિકાસની ગતિએ પાનોલી જીઆઈડીસી તેમજ નેશનલ હાઈવે નં.48 કનેક્ટેડ હોવાથી આ રસ્તા પરથી મોટો નોકરિયાત વર્ગ તથા માધ્યમિક અને ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ, ખેડૂતોના નાના-મોટા અને ભારે વાહનો રોજિંદા અવરજવર કરતા રહે છે. જે બ્રિજમાં પુલના પાયા બેસી જતાં બે જગ્યાએ તિરાડ પડી છે. ત્યારે આ નોકરિયાત વર્ગ માટે મહત્ત્વના બ્રિજનું ત્વરિત સમારકામ કરવા તેમજ નવા બ્રિજનું નિર્માણ કરવા લોક માંગણી ઊઠી છે. જ્યારે ચોમાસાની સિઝનમાં આ આમલાખાડી બ્રિજ ઓવરફ્લો થતાં બ્રિજ બંધ થવાથી બંને ગામથી અવરજવર કરતા વાહનચાલકોને 10થી 15 કિલો મીટરનો ફેરાવો કરવો પડે છે. જે બ્રિજ પરથી ભારદારી વાહનોની અવરજવર રહેતા ગમે ત્યારે અકસ્માતે તૂટી પડે તો વાહનચાલકોને લાંબો ફેરો ફરવાની નોબત આવી શકે છે. નોકરિયાત વર્ગને સમયસર કંપનીએ પહોંચવા હાલાકીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ત્યારે આ બ્રિજ પરથી આવનજાવન કરતાં વાહનચાલકોની સરળતા ખાતર બ્રિજ તૂટી પડવા અગાઉ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગણી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષો પહેલાં ભાદી ગ્રામ પંચાયત દ્વારા આ બ્રિજને ઊંચો કરવા અને નવો નિર્માણ કરવા લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

### બ્રિજનું સમારકામ હાથ ધરવામાં આવશે: સ્ટેટ હાઈવે પંચાયત અધિકારી

ખરોડથી ભાદી ગામને જોડતા આમલાખાડી બ્રિજનું નિર્માણ કરવા સ્ટેટ હાઈવે પંચાયત માર્ગ-વિભાગ દ્વારા સરવે કરવામાં આવ્યો છે અને કચેરી ખાતે પ્રક્રિયા ચાલુમાં છે. જો કે, હાલમાં વાહનચાલકોને અવરજવર કરવામાં તકલીફ ન પડે એ માટે બ્રિજનું સમારકામ કરવામાં આવશે તેમ હાઈવે પંચાયત માર્ગ-વિભાગ દ્વારા જણાવાયું હતું.

# નેત્રંગથી માંડવી જતો રસ્તો ૧૫ દિવસમાં રિપેર નહીં થાય તો આંદોલનની ચીમકી

**ગુજરાત** આદિવાસી રક્ષક સમિતિએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું

સુરત: નેત્રંગથી માંડવી જતો રસ્તો અત્યંત દયનીય હોવાથી તેને તાકીદે રિપેર કરવા માટે ગુજરાત આદિવાસી રક્ષક સમિતિએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું છે. જો અહીં રિપેરિંગ કાર્યવાહી ૧૫ દિવસમાં હાથ નહીં ધરાઇ તો રસ્તા રોકો આંદોલનનની ચીમકી પણ આપવામાં આવી છે.

નેશનલ હાઇવે નં.૫૬ નેત્રંગથી માંડવી સુધીનો રસ્તો એકદમ જર્જરિત હાલતમાં છે. જેથી અહીંથી નેત્રંગથી માંડવી સુધી જવું હોય તો નવનેજા પાણી ઊતરે છે. રસ્તો બનાવવા માટે કરોડો રૂપિયા સરકાર તરફથી ફાળવવામાં આવે છે પરંતુ જે પ્રકારે રસ્તા બનવા જોઇએ તે પ્રકારે બનતા નથી. નેત્રંગથી માંડવી આવવા-જવા માટેનો આ એક જ રસ્તો છે અને તે પણ ઉબડખાબડ છે. જેથી વારંવાર અહીંથી પસાર થતાં લોકોના વાહનોમાં ખામી સર્જાઇ છે. નેત્રંગથી માંડવી જે આદિવાસી વિસ્તારમાં આવેલ હોવાથી શિડ્યુલ એરિયા હોય જ્યારે સરકારને રસ્તા માટે જમીનની જરૂરિયાત ઊભી થાય ત્યારે રાતોરાત આદિવાસીઓની જમીન સંપાદન કરી લેવામાં આવે છે અને જ્યારે સુવિધા આપવાની વાત આવે ત્યારે આદિવાસી લોકોઓ પ્રત્યે ઉદાસીનતા દેખાડવામાં આવે છે. આમ નેત્રંગથી માંડવી રસ્તા ઉપર દિન-૧૫માં તાત્કાલિક રિપેરિંગ હાથ ધરવામાં ન આવે તો રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે અને રસ્તા રોકો આંદોલનથી જે નુકસાન થશે તેની તમામ જવાબદારી સરકાર તેમજ અધિકારીઓની રહેશે.

### નેત્રંગના મોવીથી લઈ કવચીયા સુધીનો માર્ગ બિસમાર, પણ કામગીરી થતી નથી


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઇ) રાજપીપળા કચેરીના તાબા હેઠળ આવેલ અને નેત્રંગના મોવીથી લઈને કવચીયા સુધીના આ નેશનલ હાઇવે રોડની ચોમાસા બાદ કોઈપણ જાતની મરામત કરાવવામાં નહીં આવતાં ઠેર ઠેર ખાડાને લઈને આમ રાહદારીઓથી લઈને વાહનચાલકો પરેશાન થઇ રહ્યા છે. ઠેર ઠેર ખાડાના સામ્રાજ્યના કારણે દિનપ્રતિદિન નાના અકસ્માતો બનતા રહેતા હોવાના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જવાબદાર તંત્રએ મોવીથી કવચીયા સુધીના વિસ્તારના રોડની મરામતની તાકીદે જરૂરિયાત હતી. પરંતુ રોડ વચ્ચેના વિસ્તારમાં સફેદ પટ્ટા મારી જાણે સંતોષ વ્યક્ત કર્યો છે.

# ઓલપાડના પરીઆ-માધર રોડ પર ટ્રેક્ટર પલટી જતાં ખેડૂતનું મોત

**સ્ટીયરિંગ** પરથી કાબૂ ગુમાવતાં મિની ટ્રેક્ટર રોડની બાજુની વરસાદી કાંસમાં ખાબક્યું, ટ્રેક્ટર નીચે દબાયેલા ખેડૂતને ક્રેઈનની મદદથી કાઢવો પડ્યો, સારવાર પૂર્વે જ મોત

સાયણ: ઓલપાડ તાલુકાના પરીઆ-માધર રોડ ઉપર સેગવા સ્યાદલા ગામના ખેડૂતનું ટ્રેક્ટર પલટી જતા મોત નીપજ્યું છે.

મૂળ સેગવા સ્યાદલા ગામના રામનગર સોસાયટીમાં રહેતા યુવા ખેડૂત કિશન અરવિંદભાઈ પટેલ (ઉ.વ.૩૪) ખેતી સાથે ભાડેથી ટ્રેક્ટર ખેડનો ધંધો કરતાં હતાં. ગત સોમવારે તા.૧૭મીના રોજ મોડી સાંજે કિશન તેમની માલિકીનું મિની ટ્રેક્ટર નં:જીજે-૦૫ આર. ઝેડ-૧૦૯૮ ઓલપાડ તાલુકાના પરીઆ-માધર રોડ ઉપર હંકારી ઘરે જઈ રહ્યા હતાં. તે વખતે રોડ ઉપર ગણેશસિંહ હરેશસિંહ મહિડાનાં ખેતર પાસે તેમણે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેક્ટર રોડની બાજુમાં વરસાદી પાણીનાં નિકાલ માટે બનાવેલી સાડા પાંચ ફૂટની ગટરમાં પલટી મારી ગયું હતું. અકસ્માતમાં કિશન પટેલ ટ્રેક્ટર નીચે દબાઈ જતા તેમને માથામાં, કમરે તથા છાતીનાં ભાગે ગંભીર ઈજા થતા તેમનું ઘટના સ્થળે મોત થયું હતું.

બનાવની જાણ થતાં પરીઆ ગ્રામજનોએ ઘટના સ્થળે દોડી આવી ટ્રેક્ટર નીચે દબાયેલા કિશનને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં છેવટે ક્રેઈનની મદદથી કિશનને બહાર કાઢી સાયણની જીવનરક્ષા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરનાં ડોકટરે કિશનને તપાસી મૃત જાહેર કર્યા હતા.

# સંપાદન પહેલાં જ વાલિયાનાં 18 ગામોની જમીનની જંત્રીમાં ધરખમ ઘટાડાથી ખેડૂતો રઘવાયા

**લિગ્નાઈટ** આધારિત ગામોની જમીન પાણીના ભાવે સંપાદિત કરવાની વેતરણ સામે વિરોધ



ભરૂચ: વાલિયા તાલુકાનાં 18 જેટલા લિગ્નાઈટ આધારિત ગામોની જમીન પાણીના ભાવે સંપાદિત કરવાની વેતરણમાં હોવાથી તેના વિરોધમાં અસરગ્રસ્ત ખેડૂતોએ કલેક્ટરને લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતું. હાલમાં જંત્રીના નવા ડ્રાફ્ટમાં ધરખમ ઘટાડો કરવામાં આવતાં ખેડૂતોએ "ખેતમજૂર" બની જાય એવી ભીતિ દેખાતાં ભારે નારાજગી દેખાઈ રહી છે.

ભરૂચ કલેક્ટર કચેરી ખાતે ખેડૂત પ્રતિનિધિ યોગેન્દ્રસિંહ સાંગળોદ, હરિસિંહ માટીએડા, લતીફ કડીવાલા સહિત અસરગ્રસ્ત ખેડૂતોએ ભેગા થઈ ભરૂચ કલેક્ટરને આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, વાલિયા તાલુકામાં લિગ્નાઈટ આધારિત સહિત ખેતીલાયક જમીન વર્ષ-2011માં સરકાર દ્વારા જંત્રી નક્કી થઈ હતી. બાદ સરકાર દ્વારા વર્ષ-2023માં 100 ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. કમનસીબે સરકાર દ્વારા મુસદ્દારૂપ જંત્રીના વર્ષ-2024ના નવા ડ્રાફ્ટ મુજબ તેમાં ધરખમ ઘટાડો કરવામાં આવતાં ખેડૂતોમાં ભારે નારાજગી વ્યાપી હતી. વાલિયા તાલુકાનાં કેટલાંક ગામોમાં GMDC હેઠળ સંપાદન કરવામાં આવતાં જંત્રીમાં સતત ઘટાડા લઈને વિરોધનો સૂર પ્રબળ બન્યો છે. જેને પગલે અન્યાય થઇ રહ્યો હોવાની બૂમરાણ ઊઠતાં ખેડૂતોની એક જ માંગ છે કે, કોઈપણ ભોગે જમીનના જંત્રી ભાવોમાં વધારો કરવા અને યોગ્ય વળતર આપવા માટે માંગ કરી છે.

# વ્યારામાં આદિનાથ સુપર માર્કેટના માલિકને ચેક બાઉન્સના બે કેસમાં ૧૮ માસની સજા

વ્યારા: વ્યારામાં આદિનાથ સુપર માર્કેટના માલિકને ચેક બાઉન્સના કેસોમાં ૧૮ માસની સજા ફટકારતો હુકમ કોર્ટે કર્યો છે. વ્યારા જલારામ ટ્રેડર્સના માલિક યોગેશભાઇ મસરાણીએ આદિનાથ સુપર માર્કેટના માલિક નિમેશ રતિલાલ શાહને સને-૨૦૧૮માં રૂ.૫ લાખ ૧ વર્ષમાં પરત કરી આપવાની બાંયધરીથી આપ્યા હતા. બીજા કેસમાં નિમેશ શાહને યોગેશભાઈનાં પત્ની શોભનાબેન મસરાણીએ રૂ.૧.૫૦ લાખ આપ્યા હતા. આમ, યોગેશ મસરાણીએ નિમેશ શાહ પાસે રૂ.૬.૫૦ લાખની માંગણી કરતાં પોતાની પેઢીનો રૂ.૫ લાખ તથા રૂ.૧.૫૦ લાખના ચેકો આપ્યા હતા.

બંને ચેક બાઉન્સ થતાં યોગેશ તથા શોભનાબેન મસરાણીએ વ્યારાના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ કરી હતી, જેમાં ફરિયાદ પક્ષે એડ્વોકેટ એન.એસ.પ્રધાનની ધારદાર દલીલ કોર્ટે ગ્રાહ્ય રાખી વ્યારાના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આર.પી. દવેન્દ્ર દ્વારા વ્યારામાં આદિનાથ સુપર માર્કેટના માલિકને એક કેસમાં ૧૮ માસની સાદી કેદ તથા રૂ.૭.૫૦ લાખનો દંડ અને બીજા કેસમાં ૧૮ માસની સદી કેદ તથા રૂ.૨.૨૫ લાખનો દંડનો હુકમ કર્યો છે.

# વસ્ત્રાપુરની ઘટના બાદ ભરૂચમાં કડક વાહન ચેકિંગ

ભરૂચ: વસ્ત્રાપુરની ઘટના બાદ ભરૂચ સહિત રાજ્યની પોલીસ જાગતી થઇ ગઈ છે. ગુજરાત પોલીસ વડા વિકાસ સહાયના આદેશ બાદ ભરૂચ જિલ્લા પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા કામગીરી હાથ ધરી છે.ભરૂચ જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાના માર્ગદર્શન હેઠળ જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારનાં અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવામાં આવી છે. સોમવારે રાત્રે શહેરના એ, બી અને સી ડિવિઝન પોલીસે સંવેદનશીલ વિસ્તારોમાં કામગીરી હાથ ધરી હતી. દારૂ અને અન્ય ગુનાઓમાં સંડોવાયેલા શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી હતી.

# મુલદ ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહનચાલકો પાસેથી ટોલ વસૂલાત અંતે બંધ કરાઇ

**ભરૂચના** ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અને સાંસદ મનસુખ વસાવાએ મંત્રી નીતિન ગડકરીને રજૂઆત કરી હતી



ભરૂચ: ભરૂચ નજીક નેશનલ હાઇવે નં.48 પર સ્થાનિક વાહનો માટે અચાનક શરૂ કરાયેલી ટોલ વસૂલાત ફરી બંધ કરવામાં આવતાં સ્થાનિક વાહનચાલકોને રાહત થઈ છે.

ભરૂચ નજીક નેશનલ હાઇવે નં.48 પર મુલદ ટોલ પ્લાઝા આવેલું છે. જ્યાં સ્થાનિક વાહનચાલકોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ થોડા દિવસોથી ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહનો પાસે પણ ટોલની વસૂલાત કરવામાં આવી રહી હતી. આ અંગે સ્થાનિક વાહનચાલકોએ પ્રબળ વિરોધ વ્યક્ત કર્યો હતો, જેમાં વિરોધ પક્ષે પણ કલેક્ટરને પત્ર લખી સ્થાનિક વાહનચાલકો પાસેથી ટોલ વસૂલાત બંધ કરાવવાની માંગ કરવામાં આવી હતી. જ્યારે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અને સાંસદ મનસુખ વસાવાએ સ્થાનિક વાહનચાલકોની પડખે રહી માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી સુધી રજૂઆત કરી હતી. જેના પગલે મુલદ ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહનચાલકો પાસે ફરીથી ટોલ વસૂલવાનું બંધ કરવામાં આવ્યું છે. મંગળવારે ભરૂચ જિલ્લાના વાહનચાલકોએ માંડવા ટોલ બુથ પર ટોલ ચૂકવવો નહીં પડે. જેથી સ્થાનિક વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

# શેખપુરમાં પ્રોજેક્ટ પર કરોડોની લોન લઈ દુકાન-મકાનો લોકોને વેચી દીધાં

**20** કરોડની લોન ભરપાઈ ન થતાં કંપનીએ નોટિસ ફટકારતાં મામલો સામે આવ્યો, પ્રોજેક્ટ માલિક એવા દંપતી સામે ફરિયાદ

કામરેજ: કામરેજના શેખપુર ગામે હરસી પ્રોજેક્ટના નામે બંધાયેલા મકાનો અને દુકાનો પર બેંક લોન લઈ માલિકે લોકોને તેનું વેચાણ કરી નાંખ્યું હતું. જો કે લોન ભરપાઈ ન કરતાં સમગ્ર ભાંડો સામે આવતા મિલકત વેચાણે લેનાર લોકો ભેરવાયા હતા. થયેલી છેતરપિંડી અંગે પ્રોજેક્ટના માલિક એવા દંપતી સામે ફરિયાદ નોંધાવી હતી.

મૂળ જામનગરના ઉદેપુર ગામના વતની અને હાલમાં કામરેજના નવાગામ ખાતે આવેલી શાંતિનગર સોસાયટીમાં ફ્લેટ નં. સી-70 માં અમૃત જેરામભાઈ પટેલ રહે છે. વર્ષ 2018 માં શેખપુર ગામે બ્લોક નંબર 18 વાળી એન.એ થયેલી જમીનના માલિક આર.સી. એન્ડ કંપની ભાગીદારો રમેશ છના હિરપરા, હંસાબેન રમેશભાઈ હિરપરા દ્વારા હરીદર્શન રેસીન્ડસી નામે મકાનો તેમજ દુકાનોનો પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો હતો. જે પ્રોજેક્ટમાં દુકાન નં.12 વેચાણથી અમૃતભાઈએ રાખી હતી અને બીજા લોકોએ પણ દુકાનો તેમજ મકાનો સોસાયટીમાં વેચાણથી રાખ્યા હતાં. તા.11-12-24 ના રોજ દુકાન તેમજ મકાનો પર ટાટા કંપની હાઉસિંગ ફાઈનાન્સ કંપની દ્વારા દિન-2માં ખાલી કરી દેવા અંગેની નોટિસ લગાડી દેવામાં આવી હતી. તપાસ કરતાં પ્રોજેક્ટ પર રૂ.20 કરોડની લોન લેવામાં આવી હતી. લોન ભરપાઈ ન કરતાં નોટિસ લગાડવામાં આવી હતી. આ પ્રોજેક્ટના માલિક રમેશ હિરપરા અને તેમના પત્ની હંસાબેને અમૃતભાઈને દુકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો. ત્યારે એમાં જણાવ્યું હતું કે મિલકત કોઈને પણ ગીરો, બક્ષીસ દાન કે લોન ધિરાણ કે કરજ લીધું નથી, તેમ જણાવીને દુકાનો તથા ઘર લેનારો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. જે અંગે કામરેજ પોલીસમથકે ફરિયાદ નોંધાવાઈ હતી.



# આમોદના ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ONGC ગંધાર ખાતે એક્સપોઝર વિઝિટ

આમોદ: જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત તેમજ બી.આર.સી.આમોદના માર્ગદર્શન હેઠળ ONGC ગંધાર ખાતે આમોદ તાલુકાના ધો.૬થી ૮ ગણિત-વિજ્ઞાન ભણાવતા પ્રાથમિક શિક્ષકોના તાલીમ અંતર્ગત એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગણિત વિજ્ઞાનના ૩૩ શિક્ષકોએ મુલાકાત લીધી હતી. કંપનીના કર્મચારીઓએ શિક્ષકોને સેફ્ટી, સિક્યુરિટી તેમજ ONGCમાં બનતી વિવિધ ઓઈલ પેદાશો જેવી કે ગેસ, નેફ્ટા કેવી રીતે બને છે તેનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવ્યું હતું.

# ભરૂચ આરોગ્ય વિભાગના કર્મચારીઓની પડતર માંગને લઈ અચોક્કસ મુદતની હડતાળ

**કર્મચારીઓએ** જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

ભરૂચ: ભરૂચ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી પડતર માંગને લઈ વિરોધ કરી રહ્યા છે. ત્યારે અચોક્કસ મુદતની હડતાળ સાથે સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ભરૂચ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ બે દિવસથી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરી છે. ત્યારે કર્મચારીઓએ મંગળવારે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. રાજ્યના પંચાયત વિભાગના વર્ગ-3 આરોગ્ય કર્મચારીઓ છેલ્લાં બે વર્ષથી ટેક્નિકલ કેડરમાં સમાવેશ, ગ્રેડ-પે સુધારણા અને ખાતાકીય પરીક્ષા રદ કરવાની માંગ કરી રહ્યા છે. સરકાર દ્વારા આ માંગણીઓ સ્વીકારવામાં ન આવતાં સોમવારથી ભરૂચ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઊતર્યા છે. આ અંગે મંગળવારે કર્મચારીઓ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના એમપીએચડબ્લ્યૂ, એફએચડબ્લ્યૂ, એમપીએચએસ અને એફએચએસ કેડરને ટેક્નિકલ સંવર્ગમાં ગણી પગાર સુધારણા કરવાની તેમજ એમપીએચડબ્લ્યૂ અને એફએચડબ્લ્યૂ માટેની ખાતાકીય પરીક્ષા રદ કરવાની માંગણી આરોગ્ય કર્મચારીઓ કરી રહ્યા છે.

# ઝઘડિયા અને અવિધા ગામે બે મકાનમાંથી લાખો રૂપિયાની ચોરી

ઝઘડિયા: ઝઘડિયા અને અવિધા ગામે તસ્કરો એક જ રાત્રે બે મકાનને નિશાન બનાવી લાખો રૂપિયાનો મુદ્દામાલ તફડાવીને છુમંતર થઇ ગયા હતા.

ઝઘડિયામાં રહેતાં નયનાબેન શાહ સોમવારે ભરૂચ ખાતે તેમના ભાઈ શૈલેશભાઈને ત્યાં ગયાં હતાં. ત્યારે રાત્રે તસ્કરો બંધ મકાનનો દરવાજો તોડી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત અંદાજે રૂ.10 લાખ ઉપરાંતની રકમનો મુદ્દામાલ ઉઠાવી ગયા હોવાનું તેમના ભાઈ શૈલેષભાઈએ જણાવ્યું હતું. જ્યારે અવિધા ગામે સુથાર ફળિયામાં રહેતા કલ્પેશભાઇ પટેલ પરિવાર સાથે ધૂળેટીના દિવસે વડોદરા ગયા હતા.

બાદ તેઓ મંગળવારે સવારે ઘરે પાછા આવ્યા ત્યારે મકાનનો દરવાજો તૂટેલો જણાયો હતો. ઘરમાં જઈને જોતાં ઘરમાં તિજોરીમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂ.1,60,000 મળી અંદાજે રૂ.9 લાખ જેટલી રકમનો મુદ્દામાલ ચોરી કરી ગયા હોવાનું જણાવ્યું હતું. ઝઘડિયા પંથકમાં તસ્કરો સક્રિય થતાં પડકારજનક સ્થિતિ ઉદભવી છે.

# અંકલેશ્વરમાં પોલીસે ફૂટ પેટ્રોલિંગ કરી ગુંડા તત્ત્વોને ચેતવણી આપી

અંકલેશ્વર: ગુજરાત પોલીસ વડા વિકાસ સહાયે વસ્ત્રાપુરની ઘટના બાદ રાજ્યમાં આગામી 100 કલાકમાં અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. આ આદેશના પગલે અંકલેશ્વરમાં પોલીસે ગત સાંજે મોટી કાર્યવાહી હાથ ધરી હતી. અંકલેશ્વરમાં ડીવાયએસપીની આગેવાની હેઠળ ગત સાંજે શહેરના એ ડિવિઝન, બી ડિવિઝન અને જીઆઈડીસી પોલીસમથકના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને નાઈટ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા પરપ્રાંતીય વસાહતોમાં વિશેષ તપાસ હાથ ધરાઈ હતી.

### જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૮/૨૦૨૫

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૮/૨/૨૦૨૫

વાદી: વલ્લભભાઈ દયાળભાઈ સોલંકી, રહે. માહ્યાવંશી મહોલ્લો, ગામ કરજણ, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી કરજણ કરજણ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી વલ્લભભાઈ દયાળભાઈ સોલંકી, રહે. માહ્યાવંશી મહોલ્લો, ગામ કરજણ, તા.કામરેજ, જી.સુરતના દાદા જીવણભાઈ કાનજીભાઈ સોલંકીનું મરણ તા.12/10/1982 ના રોજ કરજણ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૨૦/૩/૨૦૨૫ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

Milano MULTIPLEX
બારડોલી
The Diplomat
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 09:00pm
All The Best Pandya - Gujarati
11:00am, 02:00pm, 05:30pm, 09:30pm
Chhaava
12:00pm, 03:00pm, 06:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

### વેચાણ અંગેની જાહેર નોટિસ

ગુજરાત રાજયના ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ સુરત સીટીના મોજે અલથાણના રે.સ.નં. ૭૩ પૈકી બ્લોક નં. ૯૧, ક્ષેત્રફળ: ૩૧૬૧૯.૬૩ ચો.મી. ટી.પી. સ્કીમ નં. ૩૬, ફાયનલ પ્લોટ નં. ૩૩ વાળી બીનખેતીની જમીનમાં આવેલ ચન્દ્રમણી સોસાયટીના નામે ઓળખાતી સોસાયટીમાં આવેલા આવાસો પૈકી એ ટાઈપના આવાસ નં. ૪૪, ક્ષેત્રફળ: ૭૮.૦૩ ચો.મી.ના બાંધકામ વાળી તથા તેને લાગુ માર્જીનની જગ્યાના ક્ષેત્રફળ: ૧૩૫.૫૪ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ: ૨૧૩.૫૭ ચો.મી. વાળી મિલકતના માલીક.... શ્રીમતી નયનાબેન ઉપેન્દ્રભાઈ સુરતીના નામે ચાલે છે. તેઓની માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલશ્રી હેમંતકુમાર નવીનચંદ્ર ચૌધરી તથા ઉર્વશીબેન હેમંતકુમાર ચૌધરીને વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા કે તેના હીસ્સા ઉપર જો કોઈ વંશ, વાલી, વારસ, શખ્સ, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, અધિકાર, લેણાં, બોજો, બાનાખત, ચીઠ્ઠી કે દર દાવો હોય યા સદર વેચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરુમાં લેખીત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહીં અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી મુદત વીત્યે અમારા અસીલ, સદરહું મિલકત વેચાણ રાખવા અંગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ મિલકતના પાકા લખાણ/ દસ્તાવેજ કરી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર ચાલશે નહીં જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી.

(તા. ૧૮-૩-૨૦૨૫)

**આશિષ એસ. પટેલ** તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : તાપી મેઈન રોડ, માંડવી, જી.સુરત, મો.નં. ૯૮૭૯૦૫૬૭૦૬